શ્રી

આરતીઓ

તથા

મંગળદીવા.

આરતીઓ.

આરતી ૧ લી.

આરતી કીજે પાસકુમરકી,
જનમ મરણ ભય હર જીનવરજીકી;
નયરી વણારસી જનમ કહાવે,
વામા માતા પ્રભુ હુલરાવે. આરતીo ૧
યોવન વનફુલ ભોગી જણાવે,
નારી પ્રભાવતી સતી પરણાવે;
કાય નિરોગ ભોગ વિલસાવે,

પુરીસાદાણી બિરૂદ ધરાવે. આરતી૦ ૨

જ્ઞાન વિલોકી કમઠ હરાવે,
ગહન દહનથી ફણી નિકસાવે;
સેવક મુખ નવકાર સુણાવે,
ધરણરાય પદવી નિપજાવે. આરતી૦ ૩

ક્રોધી કમઠ હઠ તપ લય લાવે,
જીન દરસનસેં સુરગતિ પાવે:
ભોગ સંયોગ વિયોગ બનાવે,
સંયમ શ્રી આતમ પરણાવે. આરતી૦ ૪

ધ્યાન લેહેરીઆ કાઉસગ ભાવે,
સ્વામી વડતરૂ તળે લય લાવે;
મેઘમાળી જળધર વરસાવે,
જળનાસા ભર (૨) જળ લાવે. આરતી૦ ૫

તવ ધરણેંદ્રાસન કંપાવે,
પદમાવતી સાથ તીહાં આવે;
નાથ ઉરધ્ધ સીર ફણીકું ધરાવે,
જઈ અપરાધી હેવડરાવે. આરતી૦ ૬

સાંઇ સરણ લેઈ સમકીત પાવે,
ફણિપતિ નાટક વિધિ વિરચાવે;
પ્રભુ ચરણે નમી ગેહ સધાવે,
જગદીસર ઘનઘાતી હરાવે. આરતી૦ ૭

સાકારે કેવળ દુગ પાવે,
કર્મ કહી જીન નામ ખપાવે;

ભૂતલ વિચરી મોક્ષ સધાવે,
અગુરૂ લઘુ ગુણ પ્રભુ નિપજાવે. આરતી૦ ૮
આરતગતકી આરતી ગાવે,
આત્મ વરતા આરતી ઉતરાવે;
મનમોહન પ્રભુ પાસ કહાવે,
શ્રી શુભવીર તે શીષ નમાવે. આરતી૦ ૯

આરતી ૨ જી.

જય જય આરતી શાંતિ તુંહારી,
તોરા ચરણકમળકી મેં જાઉં બલીહારી. જયજય૦
વિશ્વસેન અચીરાજીકે નંદા,
શાંતિનાથ મુખ પુનમચંદા. જયજય૦
ચાલીશ ધનુષ્ય સોવનમય કાયા,
મૃગલંછન પ્રભુ ચરણ સુહાયા. જયજય૦
ચક્રવર્તી પ્રભુ પંચમા સોહે,
સોલમા જીનવર જગ સહુ મોહે. જયજય૦
મંગળ આરતી તોરી કીજે,
જનમ જનમનો લાહો લીજે. જયજય૦
કરજોડી સેવક ગુણ ગાવે,
સો નરનારી અમરપદ પાવે. જયજય૦

આરતી ૩ જી.

અપછરા કરતી આરતી જીન આગે,

હાંરે જીન આગે રે જીન આગે;
હાં રે એ તો અવિચળ સુખડાં માગે,
હાંરે નાભિનંદન પાસ. અપછરા૦ ૧
તાથેઈ નાટીક નાચતી પાય ઠમકે,
હાં રે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાં રે સોવન ઘુઘરી ઘમકે,
હાં રે લેતી ફુદડી બાળ. અપછરા૦ ૨
તાલ મૃદંગને વાંસળી ડફ વીણા,
હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા;
હાં રે સુણી ચાતક જન અતિ લીણા,
હાં રે જોતી મુખડું નિહાળ. અપછરા૦
ધન્ય મરૂદેવી માતને પ્રભુ જાયા,
હાં રે તોરી કંચનવરણી કાયા;
હાં રે મેં તો પુરવ પુન્યે પાયો,
હાં રે દેખ્યો તોરો દેદાર. અપછરા૦ ૪
પ્રાણજીવન પરમેશ્વરૂ પ્રભુ પાયો,
હાં રે પ્રભુ સેવક હું છું તારો;
હાં રે ભવો ભવનાં દુઃખડાં વારો,
હાં રે તુમે દીનદયાળ. અપછરા૦ ૫
સેવક જાણી આપણો ચિત્ત ધરજો,
હાં રે મોરી આપદા સઘળી હરજો;
હાં રે મુની માણેક સુખીઆ કરજો,
હાં રે જાણી પોતાનો બાળ. અપછરા૦ ૬

આરતી ૪ થી.

જય જય આરતી આદી જીણંદા,
નાભીરાજા મરૂદેવીકા નંદા;
પેહેલી આરતી પુજા કીજે,
નરભવ પામીને લાવો લીજે. જયજય૦
દુસરી આરતી દીન દયાળા,
ધુળેવા નગરમાં જગ અજવાળા. જયજય૦
તીસરી આરતી ત્રીભોવન દેવા,
સુરનર ઇંદ્ર કરે તોરી સેવા. જયજય૦
ચોથી આરતી ચઉગતિ ચુરે,
મનવાંછીત ફળ શીવસુખ પુરે. જયજય૦
પંચમી આરતી પુન્ય ઉપાયો,
મૂળચંદ રીખવ ગુણ ગાયો. જયજય૦

આરતી ૫ મી.

શ્રી સરસ્વતી માઈ, કૃપા કરો આઈ.
સરસ વચન સુખદાઈ, દો મુજ ચતુરાઈ. જયદેવ૦
વર્ધમાન દેવા, જુગમા નહિ એવા;
પાતીક દુર કરવા, કરે ઈંદ્ર સેવા. જયદેવ૦
રતન ત્રયી રાયા, ત્રિસલાના જાયા;
સિદ્ધારથ કુળ આયા, કંચનવરણી કાયા. જયદેવ૦
સાસન બહુ સારો, લાગે મુજ પ્યારો;
સંકટ દુર નિવારો, ભવજળથી તારો. જયદેવ૦

તું ત્રીભોવન સ્વામી, કરમ મેલ વામી;
કેવળજ્ઞાનસુ પાગ્યા, શીવપુરના સ્વામી. જયદેવ૦
ભવ આરત ટાળો, મોહ નજર ન્યાળો;
મયા કરી મુજ તારો, મુજકર તુમ ઝાલો. જયદેવ૦

આરતી ૬ ઠી.

સકળ મંગળકારી, ત્રીભુવન ઉપકારી;
દુરગતિ દુર નિવારી, વરીયા શિવનારી. જયદેવ૦
પારસનાથ નામી, ચિંતામણ સ્વામી;
કરૂં આરતિ શિરનામી, મુજ અંતરજામી. જયદેવ૦
ત્રણ જગતરાયા, વામાએ જાયા;
અશ્વસેન કુળ આયા, લીલવરણ કાયા. જયદેવ૦
કુમઠ કોહઠ વામી, જ્ઞાનકેવળ પામી;
ભક્તને મન વીસરામી, ભયે સીદ્ધ સ્વામી. જયદેવ૦
તુજ ગુણ હું રસીયો, મુજ મન તું વસીયો;
મયાકરી ઉલસીયો, ગુણ ગાવા ધસીયો. જયદેવ૦

આરતી ૭ મી.

જયદેવ જયદેવ જય જીનવરદાતા, પ્રભુ જય જીનવરદાતા;
આરતી અરિહાકેરી, આરતી અરિહાકેરી,
કરતા સુખશાતા. જયદેવ૦
દુસરી આરતી નાથ શેત્રંજય કરના, પ્રભુ૦
પાપ પડલ સહુ જાવે, પાપ૦ ગીરીઉપર ચઢતા. જયદેવ૦

આરતી કરતા ઈંદ્ર ત્રિભુવનની ત્રીજી, પ્રભુ૦ ત્રીભુ૦
કંચનગીરી ઉપર, કંચન૦ મનથી બહુ રીઝી. જયદેવ૦
ચોથી આરતી નાથ ચઉગતી તો જાવે, ચઉ૦
ભાવે ભક્તિ કરીએ, ભાવે૦ ભવજળને તરવા. જયદેવ૦
પંચમી આરતી નાથ પવિત્ર થવા કરીએ, પ્રભુ૦ પ૦
આ ભવજળમાં રહીને, આ૦ લાવો શુભ લઇએ. જયદેવ૦
આરતી પંચ ઉતારી જીનવર ગુણ ગાવા, પ્રભુ૦ જીન૦
પ્રીતમ તુમ પરતાપે. કુલ શુધ્ધો પાવા. જયદેવ૦

આરતી ૮ મી.

પહેલી આરતી પ્રથમ જીણંદા,
શેત્રુજા મંડણ રીખવ જીનંદા;
દુસરી આરતી મરૂદેવી નંદા,
જુગલ ધરમ નીવારન ખંડા;
ત્રીસરી આરતી ત્રીભોવન મોહીએ,
રત્ન સીંચાસન મારા પ્રભુને સોહીએ;
ચોથી આરતી નીત નવી પુજા,
દેવ નિરંજન અવર ન દુજા.
પાંચમી આરતી પ્રભુજીકે સોહીએ,
પ્રભુજીના ગુણ સેવક ગાવે;
આરતી કીજે પ્રભુ શાંતી જીણંદકી,
હરણ લંછનકી મેં જાઉં બલીહારી.
વીશ્વસેન અચીરાજીકો નંદા,

શાંતીનાથ મુખ પુનમચંદા.
આરતી કીજે પ્રભુ જેમ જીનંદકી,
શંખ લંછનકી મે જાઉ બલીહારી;
સમુદ્ર વિજય શીવા દેવીકા નંદા,
નેમનાથ મુખ પુનમચંદા;
આરતી કીજે પ્રભુ પાસ જીણંદકી,
મણીધર લંછન જાઉં બલીહારી;
અશ્વસેન વામાજીકો નંદા,
પારશ્વનાથ મુખ પુનમચંદા.
આરતી કીજે પ્રભુ વીરજીણંદકી,
સીંહ લંછનકી મેં જાઉં બલીહારી.
શીધારથરાજા ત્રીસલાદેવીકો નંદા,
વીર જીણંદ મુખ પુનમચંદા;
આરતી કીજે પ્રભુ ચોવીશ જીણંદકી,
ચોવીશ જીણંદકી મેં જાઉં બલીહારી.

આરતી ૯ મી.

વિવિધ રત્ન મણિ જડિત રચાવો,
થાલ વિસાલ અનોપમ લાવો;
આરતી ઉતારો પ્રભુજીને આગે,
ભાવના ભાવી શિવસુખ માગે. આરતી૦ ૧
સાત ચોદને એકવીશ ભેવા,
ત્રણ ત્રણવાર પ્રદક્ષિણા દેવા. આરતી૦ ૨

જિમ જિમ જલધારા દેઈ જંપે,
તિમ તિમ દોહંગ થરહર કંપે. આરતી૦ ૩
બહુ ભવ સંચિત પાપપણાસે,
દેવ પૂજાથી ભાવ ઉલ્લાસે. આરતી૦ ૪
ચૌદભુવનમાં જીનજીને તોલે,
કોઈ નહિ આરતી એમ બોલે. આરતી૦ ૫

આરતી ૧૦ મી.

પંચજ્ઞાનની.

જય પારસ દેવા, જય પારસ દેવા;
સુરનર કરે તોરી સેવા, ત્રણ જગના દેવા.
જય દેવ જય દેવ. ૧
પહેલું રે મતિજ્ઞાન, અઠ્ઠાવીસ ભેદ;
અષ્ટકર્મને છેદે, પાપનાં દળ ભેદે.
જયદેવ જયદેવ. ૨
બીજું રે સુત્ર જ્ઞાન, ચૌદાવીસ જુજા;
ચૌદ પુરવધર સુદ્ધા, ભાગે ભવ ક્ષુધા.
જયદેવ જયદેવ. ૩
ત્રીજી રે આરતી, અવધિજ્ઞાન કેરી;
મટાડે ભવની ફેરી, સેવા કરૂં તોરી.
જયદેવ જયદેવ. ૪
ચોથી રે આરતી, મન પર્યવ જાણો;

દોય ભેદનો રાણો, મુક્તીસક રાણો.
જયદેવ જયદેવ. ૫
પંચમી રે આરતી, કેવળ એક ભાખ્યું;
અખંડ સુખ જેણે ચાખ્યું, અજરામર રાખ્યું.
જયદેવ જયદેવ. ૬
આરતી રે પંચજ્ઞાન, જે કોઇ ગાશે;
સમકીત શુદ્ધ અભ્યાસે, સૌભાગ્ય ગુણ ગાશે.
જયદેવ જયદેવ. ૭

મંગળદીવા.

મંગળદીવો ૧ લો.

દીવો રે દીવો મંગળીક દીવો,
ભૂવન પ્રકાશક જીન ચિરંજીવો. દીવોરે૦ ૧
ચંદ સુરજ પ્રભુ તુમ મુખ કેરાં,
લુંછણ કરતા દે નિત્ય ફેરા. દીવોરે૦ ૨
જીન તુજ આગળ સુરની અમરી,
મંગળ દીપ કરી દીપે ભમરી. દીવોરે૦ ૩
જિમ જિમ ધુપ ઘટી પ્રગટાવે,
તિમ તિમ ભવનાં દુરીત દઝાવે. દી.વોરે૦ ૪
નીર અક્ષત કુસુમાંજલી મદન,
ધુપ દીપ ફળ નૈવેદ્ય વંદન. દીવોરે૦ ૫

એણીપરે અષ્ટપ્રકારી કીજે,
પુજા સ્નાત્ર મહોત્સવ પભણીજે. દીવોરે૦ ૬

મંગળદીવો ૨ જો.

દિવો રે દિવો મંગળીક દીવો,
આરતી ઉતારણ બહુ ચીરંજીવો.
સોહામણું ઘર પરવ દીવાળી,
અમર ખેલે અબળા બાળી.
દેપાળ ભણે એને કળે અજુઆળી,
ભાવે ભગતે વિઘનનિવારી.
સફ્ફલો છણે કળી કાળે,
આરતી ઉતારી રાજકુંઆર પાળે.
અમ ઘર મંગલીક તુમ ઘર મંગલીક,
મંગલીક ચતુર્વિધ સંઘને હોજયો.

મંગળદીવો ૩ જો.

ચારો મંગળ ચાર, આજ મારે ચારો મંગળ ચાર.
દેખ્યો દરસ સરસ જીનજીકો,
શોભા સુંદર સાર. આજ૦
છીનું છીનું મન મોહન ચરચો,
પસી કેસર ઘન સાર. આજ૦
વિવિધ જાતકે પુષ્પ મંગાવો,
મોગર લાલ ગુલાલ. આજ૦

ધુપ ઉખેવોને કરો આરતી,
મુખ બોલો જયકાર. આજ૦
હર્ષ ધરી આદીશ્વર પુજો,
ચોમુખ પ્રતિમા ચાર. આજ૦
હૈયે ધરી ભાવ ભાવના ભાવો,
જિમ પામો ભવપાર. આજ૦
સકળસંઘ સેવક જીનજીકો,
આનંદઘન ઉપકાર. આજ૦

મંગળદીવો ૪ થો.

ચારો મંગળ ચાર. આજ ઘેર પ્રભુજી પધાર્યા.
પહેલે મંગળ પ્રભુજીને પુજું, ઘસી કેસર ઘનસાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.
બીજે મંગળ અગર ઉવેખું, કંઠ ઠવું ફુલહાર.
આજ ગેર પ્રભુજી પધાર્યા.
ત્રીજે મંગળ આરતી ઉતારૂં, ઘંટ બજાવું રણકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.
ચોથે મંગળ પ્રભુ ગુણ ગાઉં, નાચું થેઈ થેઈકાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.
રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણ કમળ બલીહાર.
આજ ઘેર પ્રભુજી પધાર્યા.